# ભાવનગર મહાનગરપાલિકા

## સ્ટોર વિભાગ

## ઈ-ટેન્ડર નોટીસ (બીજો પ્રયત્ન)

ભાવનગર મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓ માટે ખુરશી/રીવોલ્વીંગ ચેર ઓર્ડર આપ્યા તારીખથી દિન ૩૦માં સપ્લાય કરવાના કામ અંગેના ટેન્ડરમાં રસ ધરાવતા ઈસમો/પેઢી/એજન્સી/સ્થાનિક નોંધાયેલા પાસેથી ભાવ આમંત્રિત કરવામાં આવે છે.

ટેન્ડર ફી રકમ (નોન રીફંડેબલ) : રૂ- ૧,૪૦૦/- કમિશનર, ભાવનગર મહાનગરપાલિકાના નામનો (ડિમાન્ડ ડ્રાફ્ટ)

ટેન્ડર ડિપોઝીટ ની રકમ (ઈ.એમ.ડી) :રૂ. ૧૪,૦૦૦/-

મીનીમમ. ૧૮૦ દિવસની

ઉપરોક્ત ટેન્ડર તા. ૨૪/૧૦/૨૦૨૪ થી તા.૦૭/૧૧/૨૦૨૪ સુધીમાં www.nprocure.com પરથી ડાઉનલોડ કરી કોર્મશીયલ બીડ ઓન લાઇન રજુ કરવાનું રહેશે. પૂર્વ લાયકાત ફોર્મ અન્ય જરૂરી દસ્તાવેજો તથા ટેન્ડર ફીનો કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે તા.૦૮/૧૧/૨૦૨૪ના રોજ ૫:૦૦ કલાક સુધીમાં માત્ર રજી.એ.ડી.પોસ્ટથી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ તા.૧૧/૧૧/૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાકે (શક્ય હશે તો) સહાયક કમિશનરશ્રીની કચેરી, મહાનગરપાલિકા, ભાવનગર ખાતે ખોલવામાં આવશે. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય ટેન્ડર મંજુર/નામંજુર કરવાના અધિકાર ભાવનગર મહાનગરપાલિકાના કમિશનરશ્રીને અબાધિત રહેશે.

તા. / /૨૦૨૪

સ્ટોર સુપ્રિન્ટેન્ડેન્ટ
મહાનગરપાલિકા ભાવનગર

# ભાવનગર મહાનગરપાલિકા

## ભાવનગર મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓ માટે ખુરશી/ રીવોલ્વીંગ ચેર સપ્લાય કરવાના કામનું ટેન્ડર.

# <u>અનુક્રમણીકા</u>


| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | ટેન્ડર નોટીસ | ૪ |
| ૨ | ટેન્ડર દસ્તાવેજ અને માર્ગદર્શક સુચનાઓ | ૫ થી ૮ |
| ૩ | સેવાપૂર્વ લાયકાત ફોર્મ (ટેકનિકલ બીડ) | ૯ |
| ૪ | શરતો | ૧૦ થી ૧૫ |
| ૫ | ભાવપત્રનું ટેન્ડર ફોર્મ (કોમર્શિયલ બીડ) | ૧૬ થી ૧૯ |

કમિશનર કચેરી
સ્ટોર વિભાગ
મહાનગરપાલિકા,
ભાવનગર

**ટેન્ડર દસ્તાવેજ**

ભાવનગર મહાનગરપાલિકાના અધિકારીઓ/કર્મચારીઓ માટે ખુરશી/રીવોલ્વીંગ ચેર સપ્લાય ઓર્ડર આપ્યા તારીખથી દિન 30માં સપ્લાય કરવાના કામ અંગેનો કોન્ટ્રાક્ટ રાખવા અંગે રસ ધરાવતા ઈસમો / પેઢી / કંપની/ એજંસી પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે.

**ટેન્ડર કાર્યક્રમ**

| | |
|---|---|
| કામગીરીનો પ્રકાર /વિગત | ભાવનગર મહાનગરપાલિકાના અધીકારી/કર્મચારીઓ માટે ખુરશી/ રીવોલ્વીંગ ચેર સપ્લાય કરવા બાબત |
| ટેન્ડર ફી | રૂ.૧,૪૦૦/- અંકે રૂપીયા એક હજાર ચારસો પુરાનો કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાના નામનો ભાવનગર ખાતે ચુકવવા પાત્ર ડી.ડી. ટેન્ડર સાથે અચુક સામેલ રાખવાનો રહેશે. |
| ટેન્ડર ડીપોઝીટ | રૂ.૧૪,૦૦૦/- અંકે રૂપીયા ચૌદ હજાર પુરાનો કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાના નામનો ભાવનગર ખાતે ચુકવવા પાત્ર ડી.ડી. ટેન્ડર સાથે અચુક સામેલ રાખવાનો રહેશે. |
| ટેન્ડર જરૂરી દસ્તાવેજો ઈ.એમ ડી. સાથે પહોચતી કરવાની તારીખ સમય અને સ્થળ | તા. ૦૮/૧૧/૨૦૨૪ સમય સાંજે ૫કલાક સુધીમાં ટેન્ડર જરૂરી દસ્તાવેજો તથા ઈ.એમ.ડી સાથે રજી.એ.ડી પોસ્ટથી સ્ટોર વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા માં પહોચતા કરવાના રહેશે. |
| ટેન્ડર ખોલવાનું સમય અને સ્થળ | તા.૧૧/૧૧/૨૦૨૪ સમય ૧૨ કલાકે સહાયક કમિશનરશ્રીની કચેરી, ભાવનગર મહાનગરપાલિકા |

સ્ટોર સુપ્રિન્ટેન્ડેન્ટ
મહાનગરપાલિકા
ભાવનગર

કમિશનર કચરી
સ્ટોર વિભાગ,
મહાનગરપાલિકા,

**ટેન્ડર દસ્તાવેજ**

**(બીન તબદીલી પાત્ર)**

**માર્ગદર્શક સુચનાઓ**

૧) ભાવનગર મહાનગરપાલિકાના અધીકારીઓ અને કર્મચારીઓ માટે ખુરશી/ રીવોલ્વીંગ ચેર પુરૂ કરવાના કામ અંગે રસ ધરાવતા ઈસમો/પેઢી/કંપની/એજન્સી તથા સ્થાનિક નોંધાયેલા ફેડરેશનો/સખી સંઘો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડરરે નીયત ટેન્ડર ફોર્મમાં ફક્ત ઓનલાઈન ભાવો ભરવાના રહેશે.

૨) **પૂર્વ લાયકાતના ટેન્ડર ફોર્મ (ટેકનીકલ બીડ) રજુ કરવા અંગે.**

ટેન્ડરરે ટેન્ડરની સાથે નીચે જણાવેલ જરૂરી દસ્તાવેજોની સ્વપ્રમાણીત કરી સહી સિક્કા સાથેની પ્રમાણિત નકલો ટેન્ડર કવરમાં રજુ કરવાના રહેશે.

1. ટેન્ડરર પેઢીના આવકવેરા વિભાગ દ્વારા આપવામાં આવતા કાયમી પાનકાર્ડની પ્રમાણિત નકલ.
2. ટેન્ડરર જો ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજની પ્રમાણિત નકલ તથા પાવર ઓફ એટર્નીના નોટરાઈઝડ દસ્તાવેજની પ્રમાણિત નકલ.
3. ટેન્ડરર જો કંપની કાયદા હેઠળ અથવા સહકારી મંડળીના કાયદા હેઠળ નોંધાયેલા હોય તો તે બાબતના દસ્તાવેજી પુરાવા તેમજ બંધારણની પ્રમાણિત નકલ. આ કિસ્સામાં પણ પાવર ઓફ એટર્નીની પ્રમાણિત નકલ.
4. ટેન્ડરર પેઢીના નંબર તથા જી.એસ.ટી નંબરના સર્ટીફીકેટની પ્રમાણિત નકલ.
5. ટેન્ડરર પેઢીએ છેલ્લા ૩ વર્ષના (નાણાકીય વર્ષ – ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪) ઈન્કમ ટેક્ષ, સર્વિસ ટેક્ષ તથા વ્યવસાયવેરો ભર્યાની પહોચ તથા જી.એસ.ટી. ભર્યાની વર્ષવાર વિગત (રીટર્નની પ્રમાણીત નકલ તથા વાર્ષિક હિસાબોની સીએ દ્વારા પ્રમાણિત નકલો) સામેલ રાખવાની રહેશે.
6. ટેન્ડરર પેઢીએ છેલ્લા ૩ વર્ષના ((નાણાકીય વર્ષ – ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩,૨૦૨૩-૨૪) ૫ લાખથી ઓછુ નહીં તેટલુ ટર્ન ઓવર કરેલ હોવું જોઈએ.
7. ટેન્ડરર પેઢીએ સરકારી/અર્ધસરકારી/બોર્ડનીગમ/કોર્પોરેટ કચેરીમાં ટેન્ડરની અંદાજીત રકમના ૮૦% જેટલું એક કામ, ૬૦% જેટલા બે કામ, ૪૦% જેટલા ત્રણ કામ છેલ્લા ત્રણ વર્ષમાં કરેલ હોવું જોઈએ જે માટે પ્રમાણીત વર્કઓર્ડરની નકલ તથા સંતોષકારક કામગીરીનું 3A સર્ટિ રજુ કરવાનું રહેશે.

8. ઉપર જે પુરાવા / દસ્તાવેજોની નકલોનો ઉલ્લેખ કરેલ છે તે તમામ દસ્તાવેજોની નકલ બંધ ટેન્ડરના કવરમાં સામેલ રાખવાની રહેશે.તથા તે તમામ દસ્તાવેજોની મૂળ નકલ ચકાસણીના હેતુસર માંગણી કર્યેથી રજુ કરવાની રહેશે.
9. ટેન્ડર રજુ કરવામાં આવે ત્યારે ટેન્ડર દસ્તાવેજના તમામ પાના ઉપર ટેન્ડરની તમામ શરતો અને બોલીઓની સ્વીકૃતિ રૂપે સહી- સિક્કા કરેલ ટેન્ડર દસ્તાવેજ તેમજ ઉપર જણાવ્યા મુજબના તમામ પ્રમાણિત દસ્તાવેજો ટેન્ડરનાં કવરમાં સીલબંધ કરીને ઉપર ખુરશી/ચેર સપ્લાય કરવાના કામ એમ સ્પષ્ટ વંચાય તે રીતે લખવાનું રહેશે અને તા.૦૮/૧૧/૨૦૨૪ રોજ સાંજના ૫ કલાક સુધીમાં મળી જાય તે રીતે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ દ્વારા સ્ટોર વિભાગ, ભાવનગર મહાનગરપાલિકાને પહોચતા કરવાના રહેશે.
10. ટેન્ડર દસ્તાવેજના દરેક પાના ઉપર ટેન્ડરરે સહિ કરી નામ લખવાનું રહેશે. અને આ સહી ટેન્ડરર કઈ હેસીયતથી કરે છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

11. નિયત ટેન્ડર ડિપોઝિટ (અર્નેસ્ટ મની ડીપોઝીટ) તથા ટેન્ડર ફી ના જરૂરી ડી.ડી ટેન્ડર સાથે અચુક રજુ કરવાના રહેશે જો કોઇપણ ટેન્ડરર દ્વારા નીયત ટેન્ડર ડિપોઝીટ ( અર્નેસ્ટ મની ડીપોઝીટ) તથા ટેન્ડર ફી ના ડી.ડી. સિવાય ટેન્ડર રજુ કરવામાં આવશે તો તે ટેન્ડરરનું ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહી.

3) <u>અર્નેસ્ટ મની ડીપોઝીટ</u>

1. સંપૂર્ણ વિગતો સાથે ટેન્ડરની અંદાજીત રકમ રૂ. ૧૪,000,00/- ના ૧% મુજબ રૂ. ૧૪,000 /- અંકે રૂપીયા ચૌદ હજાર પૂરાની રકમ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી) પેટે કમિશનરશ્રી, ભાવનગરપાલિકાના નામનો ફક્ત ભાવનગર ખાતે ચુકવવા પાત્ર રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી બીડવાનો રહેશે. અન્ય કોઈ રીતે જમા કરેલ અર્નેસ્ટ મની ડીપોઝિટ માન્ય રાખવામાં આવશે નહી.
2. ટેન્ડર સાથે ટેન્ડરર ડીપોઝીટ (અર્નેસ્ટ મની ડીપોઝીટ)નો ડી.ડી. રજુ કરેલ ન હોય તેવા ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે. ભાવનગર મહાનગરપાલિકા પાસે બાકી નીકળતી કોઈ પણ લેણાની રકમ ડીપોઝીટ તરીકે ગણી લેવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.
3. કોઈપણ ટેન્ડરરે તેમનું ટેન્ડર નિયત સમયમાં ભરીને આપ્યા પછી તેમનું ટેન્ડર ન ખોલવાની કે પરત લેવા માટેની લેખીત/મૌખીક રજુઆત માન્ય રાખવામાં આવશે નહી તેમજ જેટલા ટેન્ડર ભરીને આવ્યા હોય તે તમામ નિયમાનુસારના ટેન્ડર ખોલવાની તારીખે ખોલવામાં આવશે તે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.
4. ટેન્ડર ખોલ્યા બાદ કોઇ ટેન્ડરર તેમના ભાવો પાછા ખેચી લઈ શકશે નહી. જો ટેન્ડરર તેમ કરશે તો તેમની ટેન્ડર અર્નેસ્ટ મની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ આવા ટેન્ડરરને ભવિષ્યમાં ઈજારા માટે ગેરલાયક ગણવામાં આવશે.

5. જે ટેન્ડરરના ભાવ સ્વિકારવામાં આવશે તે પછીના ક્રમમાં ભાવો આપનાર બે ટેન્ડરર સિવાય અન્ય ટેન્ડરરોની ટેન્ડર અર્નેસ્ટ મની ડિપોઝીટ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે. જેમના ભાવો સ્વિકારવામાં આવ્યા છે તેવા અને તે પછીના બે ટેન્ડરરોની ટેન્ડર અર્નેસ્ટ મની ડીપોઝીટ જેમના ભાવો સ્વિકારવામાં આવ્યા છે તે ટેન્ડરર જરૂરી સીક્યુરીટી ડીપોઝીટ જમા કરાવી કરારનામું કરી આપે ત્યારબાદ પરત કરવામાં આવશે.
6. જેમનું ટેન્ડર માન્ય રાખવામાં આવે તેવા ટેન્ડરરને જાણ કર્યાની તારીખથી દિવસ : ૧૫ માં જરૂરી સીક્યુરીટી ડિપોઝીટની રકમ જમા કરાવી નિયમત નમુનામાં કરારનામું કરવાનું રહેશે. આ રીતે આપેલ સમય મર્યાદામાં જરૂરી સિક્યુરીટી ડીપોઝીટ જમા કરાવી નિયત નમુનામાં કરારખત નહી કરનાર ટેન્ડરરની ટેન્ડર ડીપોઝીટ (અર્નેસ્ટ મની ડીપોઝીટ) જપ્ત કરવામાં આવશે. તેમજ આવા ટેન્ડરરને ભવિષ્યની કામગીરી માટે ગેરલાયક ગણવામાં આવશે.
7. સિક્યોરીટી ડીપોઝીટ ટેન્ડરની અંદાજીત કિંમત રૂ. ૧૪,00,000/- નાં ૫% મુજબ રકમ રૂ. ૭0,000/-અંકે રૂપિયા સિત્તેર હજાર પુરા રહેશે, સિક્યોરીટી ડિપોઝીટની રકમ બેંક ગેરંટી અથવા ફિક્સ ડીપોઝીટ સ્વરૂપે ટેન્ડર સ્વિકાર થયે રજુ કરવાની રહેશે. સીક્યુરીટી ડિપોઝીટ્ની રકમ કરારની મુદત પૂર્ણ થયાના એક મહીના બાદ, કામગીરી સંતોષકારક જણાયે એજન્સીને પરત ચુકવવામાં આવશે. સીક્યુરીટી ડીપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહી.

### ૪) ટેન્ડર ખોલવા અંગે

1. નિયત કરેલ સમયમર્યાદામાં રજી.એ.ડી.પોસ્ટથી મળેલ ટેન્ડર બીડ તા.૧૧/૧૧/૨૦૨૪ ના રોજ ૧૨ કલાકે કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલીકા દ્વારા નિયુક્ત કરેલ સમિતિ સમક્ષ ખોલવામાં આવશે. રસ ધરાવતા ટેન્ડરરો અગર તેમના અધિકૃત પ્રતિનિધિ તે સમયે હાજર રહેવાની ઈચ્છા ધરાવતા હોય તો તે હાજર રહી શકશે. આ નિયત તારીખે જો કોઈપણ કારણસર રજા જાહેર કરવામાં આવશે તો તે પછીના કામકાજના દિવસે પરંતુ પૂર્વ નિર્ધારીત સમયે ટેન્ડર ખોલવામાં આવશે. જો કોઈ પણ ટેન્ડર/તેમના અધિકૃત પ્રતિનિધિ હાજર રહેશે નહી તો ભાવનગર મહાનગરપાલિકાના અધિકૃત અધિકારીશ્રી રોજકામમાં યોગ્ય નોંધ લઈ તેમના ટેન્ડર બીડ ખોલશે અને નોંધ લેશે. તે જે તે ટેન્ડરરને બંધનકર્તા રહેશે. નિયત નમુનામાં મળેલ ન હોય તેવા ટેન્ડર રદ ગણાશે. જે ટેન્ડરર દ્વારા તેઓના ટેન્ડર ફોર્મ નિયમાનુસાર ભરેલ હશે અને જરૂરી આધાર પુરાવા રજુ કરેલ હશે તેવા જ ટેન્ડરોના ભાવ પત્રક (કોમર્શીયલ બીડ) ધ્યાને લેવામાં આવશે.

### ૫) ટેન્ડરના ભાવ અંગે સમયમર્યાદા

1. ટેન્ડરમાં આપેલ ભાવો ટેન્ડર ખોલ્યાની તારીખથી ટેન્ડરમાં આપેલ ભાવો ટેન્ડર ખોલ્યાની તારીખથી ખુરશી/ રીવોલ્વીંગ ચેર સપ્લાય કરવાનું કામ પૂર્ણ થાય ત્યાં સુધી અમલી ગણાશે. અને આ સમય દરમિયાન

તેમના ભાવો પાછા ખેંચી શકશે નહી ઈજારાની મુદત હુકમમાં દર્શાવ્યા મુજબની આખરી ગણાશે. જે અંગે ટેન્ડર કોઈ વાંધો રજુ કરી શકશે નહી.

**૬) ટેન્ડર ભાવો અંગે વિચારણા**

1. એલ-૧ ટેન્ડરર માન્ય રહેલ બીડવાળા ટેન્ડરરોએ રજુ કરેલ ભાવપત્રક (કોમર્શીયલ બીડ) ને આધારે નક્કી કરવામાં આવશે. જરૂર જણાય તો ટેન્ડરરને જાણ કરી એલ-૧ ટેન્ડરરની સાથે ભાવ ઘટાડાની વાટાઘાટા  દરમ્યાન દરખાસ્ત થયેલ ભાવો તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

**૭) ટેન્ડરની સ્વીકૃતી**

1. નિયત સમય બાદ મળેલા ટેન્ડર ધ્યાનમાં લેવાશે નહી.
2. કોઈપણ જાતના શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી અને આવા ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે.
3. ટેન્ડરમાં આવેલ ભાવો મંજુર કર્યા અંગેની લેખીત જાણ જે તે ટેન્ડરરને કરવામાં આવશે આવી જાણ સામાન્ય રીતે હાથો હાથ, આર.પી.એ.ડી. ટપાલ દ્વારા સ્પીડ પોસ્ટ દ્વારા કરવામાં આવશે. ટપાલ મળવામાં વિલંબ થાય તો તે માટે કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી.
4. શક્ય હશે ત્યાં સુધી એક ટેન્ડરરના ભાવો મંજુર કરવા પ્રયત્ન કરવામાં આવશે. કોઈપણ ટેન્ડર પુરેપુરૂ સ્વીકારવાનો અગર તો કામગીરી ધ્યાને લઈને એક થી વધુ ટેન્ડરરના ભાવો માન્ય રાખવાનો કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને અબાધિત હક રહેશે. અને આ રીતે મંજુર થયેલા ટેન્ડરો તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.
5. કોઈપણ ટેન્ડર સ્વીકરવાનો અગર તો તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને અબાધિત હક્ક રહેશે. આમા સૌથી નીચા ભાવનું ટેન્ડર સ્વીકારવું કે નહી તે તેનો પણ સમાવેશ થાય છે.
6. કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને જરૂર પડે ત્યારે ટેન્ડર ફોર્મ સાથે રજુ કરેલ છે તે સિવાયના અન્ય કોઈ દસ્તાવેજો માંગવામાં આવે તો માંગ્યા તારીખથી દિન-૫ માં રજુ કરવાના રહેશે. જેમા નિષ્ફળ જનાર ટેન્ડરરનું ટેન્ડર રદ કરવાનો કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને અધિકાર રહેશે.

ટેન્ડરરની સહી,નામ અને સીક્કો

કમિશનર કચેરી
સ્ટોર વિભાગ,
મહાનગરપાલિકા,

**પરિશિષ્ટ-૩**

**<u>પૂર્વે લાયકાત ટેન્ડર ફોર્મ (ટેકનીકલ બીડ)</u>**

**ટેન્ડર સાથે રજુ કરવાની વિગતો:-**

1. એજન્સીનું નામ તથા સરનામું :-
2. વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન નંબર :-
3. માલિક/ભાગીદારોના નામ સરનામા ફોટા :-
   (કુલમુખત્યાર)
4. ટેલીફોન નંબર એજન્સી/માલીક/ભાગીદારો
   ફેક્સ નંબર ઈ-મેઈલઆઈ.ડી. :-
5. વ્યવસાયમાં જોડાયાનું વર્ષ તથા વ્યવસાયવેરો
   ભર્યાની ચાલુ વર્ષની પહોંચ. :-
6. જી.એસ.ટી. રજીસ્ટ્રેશન નંબર :-
7. (૧) છેલ્લા ત્રણ વર્ષના ઈ.પી.એફ. ના ચલણોની રકમ
   (અ) વર્ષ ૨૦૨૩-૨૪
   (બ) વર્ષ ૨૦૨૨-૨૩
   (ક) વર્ષ ૨૦૨૧-૨૨
8. છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક ટર્ન ઓવરની વિગતો :-
   (લધુતમ સરેરાશ – રૂ. લાખમાં)
   (અ) વર્ષ ૨૦૨૩-૨૪
   (બ) વર્ષ ૨૦૨૨-૨૩
   (ક) વર્ષ ૨૦૨૧-૨૨
9. હાલ અથવા અગાઉ જે કંપની/સંસ્થાની કામગીરી કરતા હોય તેની વિગતો
   સરકાર/અર્ધસરકારી/જાહેરસાહસ/બેંક/હોસ્પિટલ/ સહકારી સંસ્થા/ ઔધોગીક
   કંપની/હોટલ ઈત્યાદી
   (સંસ્થાનું સંતોષપત્ર સામેલ કરવું)
10. આવકવેરા હેઠળ નોંધાયેલા PAN નંબર :-
11. શોપ એક્ટ લાયસન્સ નંબર :-
12. પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે? નાણાકીય સંસ્થાના :-
    ડિફોલ્ટર નથી/પોલીસ કોર્ટ રેકર્ડ પર કેસ નથી
    તેનું બાહેધરી પત્રક આપવું.
13. ટેન્ડરરે ટેકનીકલ બીડની સાથે તમામ દસ્તાવેજોની સાથે જે ટેન્ડર આઈટમના ભાવ ભરેલ હોય તે આઈટમનો ઓછામાં ઓછા ૧.૫મીટરનું સેમ્પલ ફરજીયાત કવરમાં મોકલવાનું રહેશે.
14. ટેન્ડરર/સપ્લાયર/એજન્સી પેઢી GMP, ISO, BIRMA નુ સર્ટીફીકેટ ધરાવતી હોવી જોઈશે.

**નોંધ** :- ઉક્ત વિગતોની ફોટો નકલ/સંદર્ભપત્ર/સમક્ષ સતાના પ્રમાણપત્ર અચુક રજુ કરવા જે વિના ટેન્ડર વિચારણામાં લેવાશે નહિ .

**<u>ટેન્ડર અંગે સામાન્ય શરતો અને સુચનાઓ</u>**

1. આ કામ કોન્ટ્રાક્ટર વર્ક ઓર્ડર મળ્યાની તારીખથી દિન 30 માં પૂર્ણ કરવાનું રહેશે સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં ન આવે તો ટેન્ડર રકમની 0.1% મુજબ દૈનિક પેનલ્ટી વસુલ કરવામાં આવશે.
2. ટેન્ડર ફી જે નામ ભરેલ હોય તે નામે જ ટેન્ડર ભરવાનું રહેશે.
3. આ ટેન્ડરમાં જ્યાં જ્યાં નિર્દિષ્ટ કરવામાં આવે છે ત્યાં ત્યાં તમામ જરૂરી વિગતો અવશ્ય ભરવાની રહેશે. અધુરી વિગતવાળુ ટેન્ડર રદ કરવાને પાત્ર ગણાશે. ટેન્ડરના દરેક પાના ઉપર કોન્ટ્રાક્ટરે સહી અચુકપણે કરવાની રહેશે. શરતી ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.
4. આ કરારનામું કરાર થયાની તારીખથી ખુરશી/ રીવોલ્વીંગ ચેર સપ્લાય કરવાનું કામ પૂર્ણ થાય ત્યાં સુધી અમલી ગણાશે.
5. રજુ કરેલ ડોક્યુમેન્ટસ, નાણાકીય સધ્ધરતા, ટેકનીકલ ક્ષમતા અને અનુભવને ધ્યામાં લઈ જે-તે એજન્સીને ક્વોલિફાઈડ/ડિસ્ક્વોલિફાઈડ નક્કી કરવાનો અબાધિત અધિકાર કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને રહેશે. તેમા કોઈ તકરાર/વાંધો કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.
6. કોઈપણ અથવા તમામ ટેન્ડર રદ કરવાનો તથા કોઇપણ ટેન્ડર મંજુર કરવું કે ન કરવું તેનો તથા ઓછા ભાવવાળું ટેન્ડર મંજુર કરવું કે ન કરવું તેનો અધીકાર કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને અબાધિત રહેશે. આવુ ટેન્ડર અથવા ટેન્ડરના ભાગરૂપે ટેન્ડર મંજુર કરવાની સતા કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાની રહેશે.
7. શરતોનું અર્થઘટન કરવાની, શરતો વધારવાની કે ઘટાડવાની, ફેરફાર કરવાની માંગેલ આધારોનું મુલ્યાંકન કરવાનાં અબાધિત અધિકાર કમિશનરશ્રી ભાવનગર મહાનગરપાલિકાને રહેશે.
8. ટેન્ડરમાં ભરવામાં આવેલ ભાવોનો વેલીડીટી પીરીયડ ટેન્ડર ખોલ્યાની તારીખથી ખુરશી-ચેર સપ્લાય કરવાનું કામ પૂર્ણ થાય ત્યાં સુધી રહેશે. ટેન્ડર મળ્યા બાદ કોન્ટ્રાક્ટરો તરફથી કોઈપણ પ્રકારની અરજીઓ કે રજુઆતો વગેરે ધ્યાનમાં લેવામાં આવશે નહી.
9. સફળ ઈજારદારે LOA (Letter of Acceptance) ની તારીખથી દિવસ ૦૭ (સાત) માં રૂપિયા ૭૦,૦૦૦/-ની રકમ સિક્યુરીટી ડીપોઝીટ (SD) તરીકે " કમિશનરશ્રી ભાવનગર મહાનગરપાલિકા" ના નામે રોકડમાં કે રાષ્ટ્રીયકૃત બેંકના ડી.ડી.થી કે ૧૨ માસની વેલીડીટી ધરાવતી FDR/Bank Guarantee સ્વરૂપે એગ્રીમેન્ટ કરતા સમયે રજુ કરવાની રહેશે.

10. ટેન્ડર મંજુર થયેથી સફળ ઈજારાદારોએ સફળ ઈજારેદારે LOA (Letter of Acceptance) ની તારીખથી દિવસ ૦૭ (સાત) માં નિયમાનુસાર રકમના સ્ટેમ્પ પેપર ઉપર સ્વખર્ચે એગ્રીમેન્ટ (કરારનામું) કરી આપવાનું રહેશે.
11. LOA (Letter of Acceptance) ની તારીખથી ૦૭(સાત) માં સિક્યુરીટી ડિપોઝીટ ભરવામાં નહી આવે તો કોન્ટ્રાક્ટરે ભરેલ ઈ.એમ.ડી. ફોરફીટ કરવામાં આવશે અને તે અંગે ઈજારાદારની કોઈપણ દલીલ કે તકરાર ચાલી શકશે નહી.
12. કોન્ટ્રાક્ટરે તેમણે ભરેલ અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ અલગ અરજી કરી માંગવાની રહેશે. કોઈપણ ડીપોઝીટનું વ્યાજ ચુકવવામાં આવશે નહી.
13. કોન્ટ્રાક્ટરને કામગીરી કરવાનો રાઈટ આવ્યો હોવા છતાં કોન્ટ્રાક્ટર સક્ષમ નહી જણાય તો કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા અન્ય કોન્ટ્રાક્ટર પાસેથી કામગીરી કરાવવા માટે અધિકૃત રહેશે અને કોન્ટ્રાક્ટરને માન્ય રહેશે.
14. આ ટેન્ડર સાથે કોન્ટ્રાક્ટરે પાનકાર્ડ GST, EPF, શોપએક્ટ, લાયસંસ, છેલ્લા ત્રણ વર્ષનું Income Tax Return, વગેરેની સ્વપ્રમાણિત નકલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત થયેલ Turn Over, ટેન્ડરની ઓપનીંગ તારીખે વેલીડ હોય તેવી બેંક સોલ્વંસી, નિયત રકમની ટેન્ડર ફી અને EMD ફરજીયાત જોડાવાના રહેશે અન્યથા જે તે કોન્ટ્રાક્ટરનું ટેન્ડર રીજેક્ટ કરવામાં આવશે.
15. કોન્ટ્રાક્ટરે કંપની/ઓર્ગેનાઈઝેશનનું સ્ટ્રક્ચર રજુ કરવાનું રહેશે.
16. સહિ સિક્કા કરેલ તથા ભાવો ભરેલ ટેન્ડરની હાર્ડ કોપી સાથે જરૂરી ટેન્ડર સપોર્ટીંગ ડોક્યુમેન્ટ/દસ્તાવેજો ફક્ત રજીસ્ટર પોસ્ટ/સ્પીડ પોસ્ટથી જ મોકલવાના રહેશે. ડોક્યુમેન્ટ સબમીટ નહી કરેલ હોય તો જે તે એજન્સીના ટેન્ડર માન્ય ગણવામાં નહી આવે.
17. લાગુ પડતાં લાઈસન્સ/રજીસ્ટ્રેશન ટેન્ડર ઓપનીંગ ડેઈટ સુધી વેલીડ હોવા જોઈશે અન્યથા જે-તે એજન્સીને ડિસ્ક્વોલીફાઈડ કરી પ્રાઈઝબીડ ટેન્ડર ઓપન કરવામાં નહી આવે.
18. ટેન્ડર સાથે ટેન્ડર ફી ની રકમ ડીમાન્ડ ડ્રાફ્ટથી ભરવાની રહેશે, રોકડેથી કે ચેકથી સ્વિકારવામાં આવશે નહી ડીમાન્ડ ડ્રાફ્ટ ટેન્ડર પ્રસિદ્ધ થવા બાદની તારીખે તૈયાર કરાવેલ જ હોવો જોઈશે અન્યથા જે તે એજન્સીના પ્રાઈઝબીડ ટેન્ડર ખોલવામાં નહી આવે.
19. ઈ.એમ.ડી એસ.બી.આઈ. અથવા યુ.બી.આઈ. બેંકની ડી.ડી. સ્વરૂપે જ રજુ કરવાની રહેશે.
20. ટેન્ડર ડોક્યુમેન્ટના કવર પર કામનું નામ, ડોક્યુમેન્ટ પહોચતા કરવાની આખરી તારીખ, કોન્ટ્રાક્ટરનું નામ –સરનામું-ફોન નંબર ફરજીયાત લખવાના રહેશે અન્યથા કવર સ્વિકારવામાં નહી આવે યા તો ટેન્ડરો ઓપન કરવામાં નહી આવે.

21. ટેન્ડર સાથે જોડેલ ટેન્ડર ફી ડ્રાફ્ટ તથા ઈ.એમ.ડી. ડ્રાફ્ટ પાછળ કામનું નામ તથા એજન્સીના નામ ટેલીફોન નંબર ફરજીયાત લખવાના રહેશે અન્યથા ઈ.એમ.ડી ડ્રાફ્ટ મીસ પ્લેસ થવા કે પરત મેળવવામાં વિલંબ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનની જવાબદારી રહેશે નહી.
22. કોઈપણ સંજોગોમાં ટેન્ડર ફી પરત આપવામાં નહીં આવે.
23. તમામ દસ્તાવેજની નકલો પોતાના દ્વારા પ્રમાણિત કરી સહિ-સિક્કા સાથેની (સેલ્ફ એટેસ્ટેડ) કે ગેઝેટેડ ઓફિસરે સહિ-સિક્કા સાથે પ્રમાણિત કરેલ નકલો રજુ કરવાની રહેશે. દસ્તાવેજની મુળ નકલ ટેન્ડર ખોલતી વખતે ચકાચણીના હેતુસર માંગણી કરવામાં આવે તો રજુ કરવાની રહેશે. રજુ કરવાની રહેશે. રજુ ન કર્યેની તે એજન્સીને ડિસ્ક્વોલિફાઈડ કરી તેના ટેન્ડર રદ કરાશે કે અસ્વિકાર કરાશે કે ડિસ્ક્વોલિફાઈ કરાશે.
24. **સરકારી કચેરી/વિભાગ દ્વારા બ્લેક લિસ્ટ તથા નાણાંકીય સંસ્થા દ્વારા ડિફોલ્ટર કે** પોલીસ તથા કોર્ટ રેકર્ડ પર કેસ નથી તે મતલબનું ટેન્ડરની જાહેરાતની તારીખ બાદનું સાથે સામેલ નમુના મુજબનું બાંહેધરી પત્રક ૩૦૦ રૂપીયાના સ્ટેમ્પ પેપર ઉપર ટાઈપ કરાવી નોટરાઈઝટ કરાવીને હાર્ડકોપીમાં અત્રેના વિભાગે ફરજિયાતપણે રજુ કરવાના રહેશે.
25. આ ટેન્ડર માટે ભરવાના થતા ભાવો હયાત કે આગામી તમામ ટેક્ષ તથા ચાર્જિસ, ટ્રાન્સપોર્ટેશન, લોડિંગ-અનલોડિંગ સાથેના ભાવનગર પહોચતા ભરવાના રહેશે.
26. ટેન્ડરરે ઓન લાઈન ટેન્ડર ભાવ ભરવાના રહેશે.
27. જાહેરાતમાં આપેલ સમયમર્યાદા બાદ આવેલ ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહી અને તેની જાણ સંબંધીત ટેન્ડરરને કરવામાં આવશે નહી અને જાહેરાતમાં દર્શાવેલા સરનામા મુજબ જ ટેન્ડર કવર મોકલવાનાં રહેશે. જો આમ કરવામાં નહી આવે તો તે ટેન્ડર ધ્યાને કે ગણતરીમાં લેવામાં આવશે નહી, અને તેની જાણ સબંધીત ટેન્ડરરને કરવામાં આવશે નહી અને તેમાં ટેન્ડરરનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહી.
28. જે ભાવથી ટેન્ડર પાસ થયું હોય તે જ ભાવથી વર્કઓર્ડર આપ્યાની તારીખથી દિન ૩૦માં ખુરશી/ચેર કરવાનું રહેશે. મંજુર રહેલ ભાવમાં ટેન્ડરના સમયગાળા દરમ્યાન કોઈપણ કારણસર કોઈપણ ભાવ વધારો આપવામાં આવશે નહી.
29. કોઈપણ પ્રકારે એડવાંસ કે રોકડ પેમેન્ટ કરવામાં આવશે નહી તેમજ પેમેન્ટ અંગેની સમયમર્યાદાવાળી શરત સ્વીકારવામાં આવશે નહી,

30. ટેન્ડરરે ટેન્ડરમાં કોઈપણ જાતની શરતો રાખવાની/લખવાની નથી, જ્યારે ટેન્ડર ખોલવામાં આવશે અને કોઈ આવી જાતનું શરતી ટેન્ડર નીકળશે, તો તે ટેન્ડર રદ કરી શકાશે, અને આ અંગે કોઈપણ જાણ એજન્સીને કરવામાં આવશે નહી કે તેમાં એજન્સીનો કોઈ પણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહી.
31. આ કામના કોન્ટ્રાક્ટમાં રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર કોઈ પણ ટેક્ષ જેવા કે GST સર્વિસ ચાર્જ, વ્યવસાય વેરો, વહિવટી ચાર્જ વગેરે હયાત કે આગામી તમામ ટેક્ષ તથા ચાર્જિસ ભરવાના થાય તે તમામ ટેક્ષ તથા ચાર્જિસ ભરવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.
32. ન્યાય ક્ષેત્રે ભાવનગર રહેશે.
33. L-1 એજન્સી કામગીરી કરવામાં નિષ્ફળ જશે તો તેના ખર્ચે અને જોખમે ભાવનગર મહાનગરપાલિકા અન્ય એજંસી પાસેથી કામગીરી કરાવી શકશે. ભાવ તફાવતની રકમ એજંસી પાસેથી વસુલ કરવામાં આવશે.

**ભાવનગર મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ માટે ખુરશી/ચેર સપ્લાય કરવાના કામ માટેની શરતો અને સુચનાઓ**

ટેન્ડરમાં જણાવેલ ખુરશી/ રીવોલ્વીંગ ચેરવિભાગના અધીકારીને જરૂર જણાશે તો તેમજ માલ સબ-સ્ટાન્ડર્ડ હશે તો તે ટેન્ડરરે તેના ખર્ચે અને જોખમે વિના વિલંબે તરત જ બદલી આપવાનું રહેશે. જો આમ કરવામાં ટેન્ડરર કસુર કરશે તો તે ખુરશી/ રીવોલ્વીંગ ચેરની રકમ આપવામાં આવશે નહી. તેમજ ટેન્ડરરની ભરેલ ડિપોઝીટની રકમ ફોર-ફીટ (જપ્ત) કરવામાં આવશે તેમજ ટેન્ડરરને મ્યુનિ.કોર્પોરેશનના બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે. અને ટેન્ડરર કોઈ વાંધો કે તકરાર લઈ શકશે નહી.

1. ટેન્ડરમાં જણાવેલ આઈટમો, જેવા જેવા માર્કાની – જેવી જેવી જાતની- માપની લખેલ છે તે મુજબની આઈટમો/માલ સામાન આપવાનો રહેશે તેમજ સુચના મુજબ સ્થળ ઉપર વેરીફીકેશન કરાવી આપવાનું રહેશે.
2. વર્કઓર્ડરમાં દર્શાવેલ સમયમર્યાદામાં કોઈપણ આઈટમો સપ્લાય કરવામાં નિષ્ફળ જનાર કોન્ટ્રાક્ટરની માન્યતા રદ કરવામાં આવશે અને તેની ડીપોઝીટ ફોરફીટ કરવામાં આવશે.
3. ટેન્ડરમાં જણાવ્યા પ્રમાણે ખુરશી/ રીવોલ્વીંગ ચેર સ્ટોર વિભાગ ભાવનગર મહાનગરપાલિકા કહે તે મુજબ જે તે જગ્યાએ ઓર્ડર મળ્યેથી દિવસ- ૩૦માં પહોચતું કરવાનું રહેશે. જો ઓર્ડર મુજબનો માલ ન પહોચે તો ટેન્ડરરને જાણ કર્યા સિવાય સ્ટોર વિભાગ ગમે ત્યાથી બારોબાર ખુરશી/ચેર ખરીદી શકાશે. અને જે જાસ્તી રકમ થાય તે ભાવનગર મહાનગરપાલિકાને ભરી આપવાની રહેશે. અન્યથા ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ટેન્ડરરની ભરેલ ડીપોઝીટની રકમ ફોર-ફીટ(જપ્ત) કરવામાં આવશે તેમજ ટેન્ડરરને મ્યુનિ.કોર્પોરેશનનાં બ્લેક લિસ્ટમાં મુકવામાં આવશે તેમજ તેમાં ટેન્ડરર કોઈ વાંધો કે તકરાર લઈ શકાશે નહી.
4. ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ખરીદ કરેલ ખુરશી/ રીવોલ્વીંગ ચેરનું પેમેન્ટ સગવડતા મુજબ કરશે તેમાં ટેન્ડરર કોઈ વાંધો કે તકરાર લઈ શકશે નહી.
5. ટેન્ડરરે મોકલેલ ખુરશી/ રીવોલ્વીંગ ચેર ટેન્ડરમાં જણાવ્યા પ્રમાણે બરોબર નહી હોય તો તે તરત જ ટેન્ડરરે પરત લઈને બીજી ખુરશી/ રીવોલ્વીંગ ચેર પોતાના ખર્ચે અને પોતાના જોખમે વિના વિલંબે મોકલી આપવાનું રહેશે. અન્યથા તમામ ડિપોઝીટની રકમ ફોરફીટ (જપ્ત) કરવા મ્યુનિ. કોર્પોરેશનના બ્લેક લીસ્ટમાં મુકવા માટે મ્યુનિ. કોર્પોરેશન હકદાર રહેશે.
6. જે તે ઉત્પાદક કંપની, ડીલર, માન્ય ડિસ્ટ્રીબ્યુટર, સપ્લાયર કે કોન્ટ્રાક્ટર આ ટેન્ડર ભરી શક્શે અને તે અંગે જે તે કંપનીનું ક્વોલીટી અંગેનું બ્રાન્ડ અને પ્રમાણપત્ર ટેકનીકલ એન્ડ કોમર્શિયલ ટેન્ડર સાથે સામેલ રાખવાનું રહેશે.
7. સદરહુ આઈટમ સપ્લાય માટે ટેન્ડરરની સ્થાનિક લેવલે શાખા/એજન્સી છેલ્લા એક વર્ષથી હોવી જોઈએ જે અંગે તેમના આધાર પુરાવા માટે શોપ લાયસન્સ/ભાડા ચીઠી/ઘરવેરા બીલની નકલ રજુ કરવાના રહેશે.

૮. ભરેલ ભાવ તમામ પ્રકારના સરકારી ટેક્ષ, વેરા, ટ્રાન્સપોર્ટેશન, પેકિંગ ચાર્જ તથા અન્ય તમામ પ્રકારના લાગુ પડતા ચાર્જીસ સહિતના ભરવાના રહેશે.

૯. અધીકારીશ્રીની સુચના મુજબ ઉચ્ચ ગુણવત્તાયુક્ત/સંતોષકારક ખુરશી/ રીવોલ્વીંગ ચેર સપ્લાય કરવાનું રહેશે.

કોન્ટ્રાકટર/સપ્લાયર તરીકે સરહદ્દુ કામના ટેન્ડરની/ઉપરોક્ત તમામ શરતો, સુચનાઓ, વિગતો તથા સ્પેસીફીકેશન અમોએ બરાબર વાંચી, વંચાવી, સમજી, વિચારીને ટેન્ડરમાં ભાવો ભરેલ છે. ઉપરોક્ત તમામ શરતો અમોએ શુદ્ધ બુદ્ધિપૂર્વક વાંચેલ-વંચાવેલ-વિચારેલ-સમજેલ છે જે મને/અમને કોઈપણ ધાક ધમકી કે દબાણ વગર કબુલ મંજુર છે. જો કોઈ સંજોગોમાં હું આ કમ ન કરૂ તો મહાનગરપાલિકામાં આ કામ માટેની ભરપાઈ કરેલ તમામ પ્રકારની તમામ ડીપોઝીટ રકમ ફોરફીટ કરવા મહાનગરપાલીકા હકદાર રહેશે અને મ્યુ.કોર્પો. અમોને બ્લેક લીસ્ટ કરવા હકદાર રહેશે. આમ અમો કોન્ટ્રાક્ટર/સપ્લાય તરીકે તમામ શરતો તથા સ્પેસીફીકેશન મુજબ અમોએ ભરેલ કે માન્ય રાખેલ ભાવોથી કામ કરવા બંધાઈએ અને સહી કરી આપીએ છીએ.

| | | | |
|---|---|---|---|
| **એજન્સીનું નામ:-** | | | |
| **કોન્ટ્રાક્ટરનું નામ:-** | | | |
| **કોન્ટેક્ટ નંબર** | | **તારીખ** | |
| **સહી કરનાર-માલીક / ભાગીદાર /ઓથોરાઈઝડ પર્સન પેકી કઈ હેસિયતથી સહી કરેલ છે.** | **કોન્ટ્રાક્ટર/એજન્સી સહી** | **કોન્ટ્રાક્ટર/એજન્સીનો સિક્કો** | |